વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
durashine TATA BLUESCOPE STEEL
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
TATA SHAKTEE GC SHEET
• ટાટા Durashine તથા Infinia કલરકોટેડ પતરા
• ટાટાના ગેલ્વેનાઈઝ પતરા
• JSW મોરછાપ Colouron+ પતરા
• JINDAL સબરંગ તથા અન્ય
• TATA / ASIAN / APOLLO MS તથા GI પાઈપ
• સીમેન્ટ/પ્લાસ્ટીકના પતરા, સ્ક્રુ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, SBI-ATM ની સામે, રાજમાર્ગ, સુરત.
ફોન : ૨૪૨૪૯૩૧ (મો.) : ૯૯૨૫૨૮૩૮૮૦, ૯૮૨૫૮૮૬૦૦૯
E-mail : devdas2473@yahoo.co.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

સંધિવાત – પેરાલીસીસ – કેન્સર – ડાયાબીટીસ – કિડનીના રોગો
દક્ષિણ ગુજરાતના પંચકર્મના પ્રણેતા (ઈન્ટરનેશનલ એવોર્ડ પ્રાપ્ત) અને
પૂ. વૈદ્ય શ્રી નરસિંહકાકા (પૂણાકુંભારીયા)ના પરમ શિષ્ય વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ દ્વારા પ્રેરિત
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
कैन्सर - हृदयरोग - कीडनी रोगो
CANCER - CARDIAC - CKD (Kidney Desease)
કેન્સર – હૃદયરોગ – કીડનીના રોગો
3C CARE WITH AYURVEDA
Ultimate Neuro - Arthritic Care
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ
આયુર્વેદ વાચસ્પતી
(નાડી ચિકિત્સક – મર્મ ચિકિત્સક)
B.A.M.S., M.D. Ph. D.
આયુર્વેદ ઔષધ દ્વારા શક્તિશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ) અને
CKD (કિડનીના રોગો) સામે
દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અચુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ (રોજ બપોરે ૨ થી ૮ મળશે.) Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
કામરેજ બી/૪૫-૪૬, રત્નપુરી સોસાયટી, યાદગાર જ્યુસ પાછળ, આરતી ઝેરોક્ષની સામે, કામરેજ ચાર રસ્તા, કામરેજ. Mo. 75748 61858 (દર ગુરૂવારે સવારે ૯ થી ૧)
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી–અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853 | વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ (દર શુક્રવારે સવારે ૯ થી ૧ મળશે.)

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ * * * સંવત ૨૦૮૦ પોષ સુદ તેરસ, મંગળવાર ૨૩ જાન્યુઆરી, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૫૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# અંતે રામ બિરાજમાન



## 45 મિનિટનો પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ

સવારે મંત્રોચ્ચાર સાથે રામલલાને જગાડવામાં આવ્યા. આ પછી વૈદિક મંત્રોચ્ચાર સાથે આહવાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ સવારે ૧૦ વાગ્યાથી શંખ સહિત ૫૦થી વધુ સંગીતનાં સાધનોના અવાજ સાથે થયો હતો. બપોરે 12.29 વાગ્યે, પવિત્રતાની મુખ્ય વિધિ શરૂ થઈ. 84 સેકન્ડમાં મૂર્તિની સ્થાપના કરવામાં આવી.

**સવારે 11.55 :** પીએમ મોદી મંદિરના ઉત્તરી દરવાજાથી મંદિર સંકુલ પહોંચ્યા. હાથમાં ચાંદીનો પરસાળ અને રામલલાનાં વસ્ત્રો લઈને તેઓ સીધો મંદિરની અંદર ગયા.

**બપોરે 12.10 :** રામ મંદિરના મુખ્ય આર્ચિક પં. મોહિત પાંડેએ સૌથી પહેલા શુદ્ધિકરણ કરાવ્યું હતું. હાથમાં પાણી લઈને તેમણે પૂજા-પાઠ અને પવિત્રતાનો સંકલ્પ કર્યો. આ પછી, જીવનના પવિત્રીકરણની મુખ્ય પદ્ધતિ શરૂ થઈ.

**12.15 :** પવિત્રતાની પૂજા શરૂ થઈ. પીએમ મોદીએ રામલલા અને ત્રણેય ભાઈઓની પ્રતિમા સામે બેસીને પૂજા કરી હતી. ગણપતિ પૂજા થઈ. રામલલાને વિવિધ પૂજા સામગ્રી અને ફૂલો અર્પણ કરવામાં આવ્યા હતા.

**12.25 :** રામ લલ્લાની આંખે પાટા હટાવાયા . પીએમ મોદીએ પ્રતિમાની પૂજા કરી હતી. પ્રતિમાના ચરણોમાં કમળના ફૂલ ચઢાવવામાં આવ્યા હતા.

**12.29થી 12.31 :** પીએમ મોદીએ કમળના ફૂલથી પ્રતિમાના પાણીનો છંટકાવ કરીને પવિત્ર કરવાની મુખ્ય વિધિ પૂર્ણ કરી હતી. રામલલાની મૂર્તિ પર વિવિધ પૂજા સામગ્રી અર્પણ કરવામાં આવી હતી.

**12.35 :** પીએમ મોદીએ રામલલાની પૂજા કરી અને ધૂપ આરતી કરી.

**12.40 :** રામલલાની આરતી કરવામાં આવી. પીએમ મોદી સહિત તમામ મહેમાનોએ રામલલાના દીવા સાથે આરતી ઉતારી હતી. આરતી દરમિયાન પીએમ મોદીએ ચનવર દુલાકર દ્વારા રામલલાની સેવા પણ કરી હતી.

**12.55 :** રામલલાના અભિષેકની વિધિ પૂર્ણ થઈ. પીએમ મોદીએ ગર્ભગૃહમાંથી બહાર આવીને રામલલાને પ્રણામ કર્યા હતા. ત્યારબાદ મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસ અને રામ જન્મભૂમિ ન્યાસના પ્રમુખ મહંત નૃત્ય ગોપાલ દાસના આશીર્વાદ લીધા.

## અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ ધામધૂમથી સંપન્ન

### દેશ માટે પહેલો પ્રસંગ : પહેલીવાર વિદેશી હુમલાખોરોએ નેષ્ટ નાબૂદ કરી દીધેલું મંદિર એ જ સ્થાને પુન: સ્થાપિત

## ૫૦ વાજિંત્રો વડે મંગલ ધ્વનિનું વાદન

**દેશના** વિવિધ રાજ્યોના જાણીતા સંગીત વાદ્યો મંગલ ધ્વનિમાં ભેગા કરવામાં આવ્યા

**મંગલ** ધ્વનિના વાદન પહેલા સોનું નિગમ અને અનુરાધા પૌડવાલે મ્યુઝિકલ પર્ફોર્મન્સ આપ્યું, શંકર મહાદેવને રામ પર ગીત ગાયું

અયોધ્યા, તા. 22 (PTI): અયોધ્યામાં નવા બંધાયેલા રામ મંદિરમાં આજે યોજાયેલ પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવમાં જે ધાર્મિક મંગલ ધ્વનિનું વાદન કરવામાં આવ્યું હતું તેમાં દેશભરમાંથી લવાયેલા પચાસ પરંપરાગત સંગીત વાંજિત્રો જોડાયા હતા.

આ મંગલ ધ્વનિનું સમાયોજન અયોધ્યાના જાણીતા કવિ યતિન્દ્ર મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું, જે મોટા સંગીત પ્રતિપાદનને નવી દિલ્હીની સંગીત નાટક એકેડેમી દ્વારા ટેકો પુરો પાડવામાં આવ્યો હતો. જે વાજિંત્રોને આ વાદનમાં શામેલ કરવામાં આવ્યા હતા તેમાં ઉત્તર પ્રદેશના પખવાજ, ઢોલક અને વાંસળી, કર્ણાટકની વીણા, પંજાબના અલગોજા, મહારાષ્ટ્રની સુંદારી, ઓડિશાના મરદાલા, મધ્ય પ્રદેશના સંતૂર, મણીપુરના પુંગ, આસામના નગાડા અને કાલી તથા

...અનુસંધાન પાના 14 પર

**મધ્યાહન** સમયે ૮૪ સેકન્ડના અભિજીત મુહુર્તમાં પ્રાણ પ્રતિષ્ઠા કરાઇ, વડાપ્રધાન મોદીએ પોતે આ સમયે ગર્ભગૃહમાં અનેક ધાર્મિક વિધિઓ કરી

**પ્રાણ** પ્રતિષ્ઠા પછી મોદીએ ૮૦૦૦ જેટલા આમંત્રિતોને સંબોધન કર્યું, સંબોધન પછી આમંત્રિતો માટે ગર્ભગૃહ ખુલ્લું મૂકાયું

અયોધ્યા, તા. 22 (PTI): અયોધ્યાના મંદિરમાં રામ લલ્લાની નવી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ આજે થઇ હતી જેના સમારંભની આગેવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીધી હતી જેમણે કહ્યું હતુંકે આ સાથે જ એક નવા યુગની શરૂઆત થઇ છે. લાખો લોકોએ પ્રાણ પ્રતિષ્ઠા સમારંભ તેમના ઘરોમાં કે નજીકના મંદિરોમાં ટેલિવિઝન પર જોયો હતો અને લોકસભાની ચૂંટણીના થોડાક મહિનાઓ પહેલા જ યોજાયેલ આ ઐતિહાસિક સમારંભનો ભાગ બન્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી, સમાન નાગરિક ધારો અને અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ એ ભાજપના એજન્ડા પર દાયકાઓથી રહ્યા છે. આજે બપોરે ૮૪ સેકન્ડના અભિજીત મુહુર્તમાં પ્રાણ પ્રતિષ્ઠા

...અનુસંધાન પાના 14 પર

### મોદીની વિદાય પછી ગર્ભગૃહની બહાર થોડીવાર માટે અંધાધૂંધી સર્જાઇ ગઇ

વડાપ્રધાન સમારંભ સ્થળ છોડીને ગયા કે તરત મંદિરને આમંત્રિતો માટે ખોલી નાખવામાં આવ્યું હતું અને સેંકડો લોકોના ધસારાને કારણે ગર્ભગૃહની પહેલાની ચેમ્બરમાં સંપૂર્ણ અંધાધૂંધી સર્જાઇ ગઇ હતી.

## મોદીએ સૂર્યોદય યોજના જાહેર કરી, 1 કરોડ પરિવારોને રૂફટોપ સોલર મળશે

**વડા પ્રધાન** નરેન્દ્ર મોદીએ ‘પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના’ની જાહેરાત કરી છે, જે અંતર્ગત 1 કરોડ પરિવારોને રૂફટોપ સોલર મળશે. પીએમ મોદીએ કહ્યું, “આજે, અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠાના શુભ અવસર પર, મારો સંકલ્પ વધુ મજબૂત થયો છે કે ભારતના લોકો તેમના ઘરની છત પર પોતાની સોલર રૂફ ટોપ સિસ્ટમ હોવી જોઈએ. અયોધ્યાથી પાછા ફર્યા બાદ મેં જે પહેલો નિર્ણય લીધો છે તે

...અનુસંધાન પાના 14 પર




## પ્રાણ પ્રતિષ્ઠા વખતે લશ્કરના હેલિકોપ્ટરોએ મંદિર પર પુષ્પવર્ષા કરી

મંદિરમાં જેવો પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાયો કે લશ્કરના હેલિકોપ્ટરોએ જન્મભૂમિ મંદિર પર ફૂલોની પાંખડીઓ વરસાવી હતી. અને મંદિર નગરી તરીકે ઓળખાતા અયોધ્યામાં ઉજવણીઓ શરૂ થઇ ગઇ હતી જેમાં લોકો ગાવા અને નાચવા લાગી ગયા હતા. અયોધ્યા નગરીને આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પહેલા નવવધૂની જેમ શણગારવામાં આવી હતી અને દિવસોથી અહીં તડામાર તૈયારીઓ ચાલી રહી હતી.

## દેશભરમાં દીપોત્સવ



**મોદીએ** અયોધ્યાથી પરત ફરી નિવાસસ્થાને દીપ પ્રગટાવ્યા, અયોધ્યા રામ કી પેડીમાં એક લાખ દીવા પ્રગટાવાયા

નવી દિલ્હી: અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ બાદ સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરી અને અન્ય ભાજપના નેતાઓએ તેમના

...અનુસંધાન પાના 14 પર